GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# તો આવજે ! કાવ્યસંગ્રહનું એક વિશ્લેષણાત્મક અધ્યયન.

અનિલ પી. સાગઠીયા

પીએચ.ડી સ્કોલર, મનોવિજ્ઞાન વિભાગ,

સરકારી આર્ટ્સ કોલેજ, શહેરા.

**માર્ગદર્શક**

ડૉ. કિરણસિંહ એન રાજપૂત, શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટિ, ગોધરા

---

**સારાંશ**

કવિ પારસના મુક્તકો અને દુહાઓમાં કુદરત, માનવીય મનની સ્થિતિ, પ્રેમ, જીવન–મૃત્યુ અને યાદો જેવા વિવિધ વિષયોનું ઊંડું પ્રતિબિંબ જોવા મળે છે. કુદરતની અસીમિતતા અને શાશ્વતત્વની ચર્ચા કરી કવિ દર્શાવે છે કે સમય બદલાય, પણ કુદરતનો સ્ત્રોત ક્યારેય ખૂટતો નથી. મનની અંદર છુપાયેલા સંગીત અને પ્રેમ દ્વારા માનવીના આત્મિક અનુભવને પ્રગટ કરે છે. માનવી જ્યારે ઘર આવે છે ત્યારે સામાજિક "મુખોટા" ઉતારીને સાચી ઓળખ સાથે એકલો રહે છે – એ વાત કવિ દાર્શનિક ઢબે રજૂ કરે છે. જીવન–મૃત્યુ વિષયક દુહાઓમાં કવિ જીવતા સમયે મદદ ન કરનાર સમાજની તીવ્ર ટીકા કરે છે. શૃંગારિક દુહાઓમાં પ્રેમ અને સૌંદર્યના ભાવકોને રંગીન રીતે વર્ણવે છે. સત્યની શોધમાં માનવી અંતે મૃત્યુને પામે છે – જે એકમાત્ર અવિચલ સત્ય છે. વરસાદને કવિ માત્ર કુદરતી ઘટના ન ગણી, પરંતુ તેને યાદો અને ભાવનાઓના ઝરણા સાથે જોડે છે.

**પ્રસ્તાવના :–**

આજના સમયમાં અને પ્રાચીન સમય કાવ્ય આપણી રોજિંદી જિંદગીનો એક અવિભાજ્ય અંગ બની રહ્યું છે. પરંતુ આપણે તેને સામાન્ય જીવનની રીતે બોલતા આવ્યા છીએ. પ્રાસ અને લયના મળવાથી વ્યક્તિ શબ્દો સાથેનો ચાચર્ય જલ્દીથી શીખી લેતા હોય છે. તેઓજ એક કાવ્યસંગ્રહ એટલે .....તો આવજે! જેના રચયિતા ડૉ. મનોજકુમાર છે. જે પારસ ઉપનામ થી કાવ્યોની રચના કરે છે. જેમાં ગઝલો, ગીત, મુક્તક, દુહા, હાઈકુ, તાનકા જેવા કાવ્યોના પ્રકારોનો સમાવેશ થાય છે. અમરેલી પ્રતાપરાય આર્ટસ કોલેજમાં

મનોવિજ્ઞાન સાથે નાટકનો અભ્યાસ પૂર્ણ કરી અનુસ્નાતક અને Ph.D નો સંશોધનાત્મક અભ્યાસ ભાવનગરની મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગર ખાતે કરેલ છે. જેમના કાવ્યોમાં પ્રાસ વિશે વિસ્તૃત સમજ જોવા મળે છે.

**"જેમ તમારી જીદ નહીં છૂટે,**
**એમ અમારી રીત નહીં તૂટે,**
**સમયે એનો સ્ત્રોત ફરી જશે,**
**આ કુદરતે ક્યારેય નહીં ખૂટે."**

ઉપરોક્ત દર્શાવેલા મુક્તકમાં કવિ કુદરતની ભવ્યતાની વાત અહીં કરે છે. ક્યારેક ન ખૂટવા વાળી સંપદા ની વાત કરે છે. એટલે કે કુદરત સામે પડેલા વ્યક્તિને કે ઘટનાને સમજાવતા કહે છે કે. જેમ તમારી જીદ નહીં છૂટે, એમ અમારી રીત નહીં તૂટે, સમય જશે, વર્ષોના વાણા વાય જશે. છતાં પણ કુદરત કૂટવાની નથી. હા...એનો સ્ત્રોત જરૂર ફરી શકે. અથવા રૂપાંતરિત થઈ જશે. તો આ મુક્તક સાવ સરળ અને સહજ છે. પણ વાત ખૂબ જ ઊંડી કરી જાણે છે.

**"મનને સંભાળ્યું  હોય નિરંતર,**
**ભીતરમાં જે વાગે છે જંતર,**
**સ્મરણ તારું જ કરતો રહ્યો છું,**
**બંને વચ્ચે હોય નહીં અંતર."**

આ મુક્તક માં ભીતરની સરસ મજાની અવસ્થા દર્શાવેલી છે. જે વ્યક્તિ પોતે જ અનુભવ કરે છે તેનું તે વર્ણન કરે છે. જંતર એક વાદ્ય સાધન છે. એટલે કે સંગીતનું સાજીંદુ છે. જેમની વાત કરી છે. કે જે ભીતરમાં સંભળાયા કરે છે. મનમાં સંભળાયા કરે છે. જે જંતર ભીંતર માં અને સ્મરણ કરવાની વાત સાથે જોડી અને કહે છે કે મનમાં જે સંભળાય છે. ભીતરના જંતર નો અવાજ અને તારા સ્મરણ કરવાની સ્થિતિ આ બંને વચ્ચે કોઈ જ અંતર નથી. તેવું આ મુક્તકમાં ભાવ દર્શન કરવામાં આવ્યું છે. જે આપણી જાત સાથે જોડી રાખે છે. આ મુક્તક ની અંદર કેટલું ઊંડું કાવ્ય તત્વ ઉભરી આવે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

હવે એક નવા કાવ્ય પ્રકારની ચર્ચા કરીએ જે ને તાનકા તરીકે ઓળખાય છે.

**શાશ્વત હશે કે બધું હોવા સુધી રહેવાનું છે,**

**સાથ જન્યો છે તારો દમબદમ જીવે...**

પ્રસ્તુત તાનકા  કાવ્ય પ્રકારમાં એવી વાત કરે છે. શું બધું માત્ર હોવા સુધી હશે? કે શાશ્વત હશે? છતાં પણ કવિ અહીં દમબદમ જીવે સાત ઝંખવાની વાત કરે છે. દમબદમ એટલે વારંવાર.

**"માણસ આવે,**

**બુટ ઉતારે અને,**

**ચાવી મૂકે છે,**

**ચહેરા ઉતારીને,**

**એ મેજ પર મૂકે છે.**

અહીં માણસમાં કેટકેટલા મુખોટા રહેલા છે. કેની વાત કરી છે. માણસ ઘરે આવે છે, બુટ ચપ્પલ ઉતારે છે, ચાવી મૂકે છે અને સાથે ચહેરા ઉતારીને ટેબલ પર મૂકે છે. અહીં આ ઘટનાક્રમ વિચલિત કરતો જોવા મળે છે. કે માણસ અને ચહેરાવો સાથે જીવે છે. ટેબલ પર કોઈ એક ચહેરો નહીં પરંતુ અનેક ચહેરાઓને મૂકે છે. આવી સ્થિતિમાં માણસ પોતાના અસ્તિત્વને પામી શકતો નથી. એટલે જેમ ઉપર ફૂટી ધીરે ધીરે સુંદર છોડમાં પાંગે છે. અને પોતાનું અખંડ અસ્તિત્વ બનાવે છે તેવી જ રીતે ચહેરા બદલાતા હોવાના કારણે માણસ  નિજ અસ્તિત્વને નિખારી શકતો નથી.

હવે દુહા કાવ્ય પ્રકાર પર જઈએ. દુહા એ ખૂબ જ નાનો કાવ્ય પ્રકાર છે. માત્ર ચાર જ ચરણમાં ખૂબ જ મોટી સમજૂતી ભરી અને અર્થપૂર્ણ, ભાવપૂર્ણ વાત રજૂ કરે છે. દુહા કબીર, રહીદાસ, રહીમ અને અમીર ખુશરોના અનેક દુહાઓ આપણને જોવા મળે છે જેમાં,

**"खुसरो रैन सुहाग की, जागी पी के संग।**

**तन मेरो मन पीउ को, दोउ भए एक रंग।"**

**– अमीर खुसरो**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**ऐसा चाहूं राज मैं, जहां मिलै सबन को अन्न,**

**छोट बड़ो सब सम बसै, रैदास रहे प्रसन्न:**

**– सद्‌गुरु रैदास जी**

**रहिमन धागा प्रेम का, मत तोड़ो चटकाय।**

**टूटे से फिर ना जुड़े, जुड़े गाँठ परि जाय॥**

**– रहीम**

**कबीरा खड़ा बाज़ार में, मांगे सबकी खैर,**

**न काहू से दोस्ती न काहू से बैर"**

**– कबीर**

એવી જ રીતે અહીં કવિ પારસ પોતાના દુહાઓમાં મર્મ ભરી વાત કરે છે. શેની વિસ્તૃત માહિતી લેવી જ પડે તેના થોડા દુહાઓ સાથે તેનું વર્ણન કરવું ઘટે.

**“જીવ્યા તો તરસાવતા, મર્યા બાદ જળ પાય,**

**હાથ ન જાલ્યો જીવતા, પછી ખભા બદલાય.”**

માણસ જીવતો હોય ત્યારે એને આપણે તરસાઈએ છીએ. પરંતુ એક ટીપુ જળ પીવડાવી શકતા નથી. માણસના મૃત્યુ બાદ ધડ પાવા જઈએ છીએ. નાના મોટા બધા જ દીકરાઓને બોલાવીને ઝાડ પાવાનું કે પાણી પાવાનું કેવું વર્તન રાખવીએ છીએ? જેને શું માનવીય વર્તન કહેવાય? મરી ગયા બાદ અંતિમ વિધિમાં લઈ જતા અનેક લોકો ઠાઠડીને ખભા આપતા જોવા મળે છે. એક પછી એક ખભાઓ બદલાય છે. પણ એ જ માણસ જ્યારે જીવતો હોય ત્યારે આપણે તેનો હાથ ઝાલતા નથી. હાથ ઝાલવાનો મતલબ તેને મદદ કરવી, પગભર કરવો અથવા કટોકટીમાં સાથ આપવાનો મર્મ સમજાવે છે. હા દુહામાં માત્ર ચાર જ ચરણમાં જીવનની કડવી વાસ્તવિકતા નું વર્ણન જોવા મળે છે.

હા કવિ શૃંગાર રસ પણ જાણે છે કેવું દુહાઓ પરથી જાણી શકાય છે. તેઓ એક દુહો અહીં જોઈએ કે,

**આંજ્યા આંજણ નયને, રાતા એના ગાલ,**

**લ્હેરાતી એની લટો, ટિલડી ચમકે ભાલ.**

પ્રસ્તુત દુહામાં કોઈ સુંદરકાંની વાત અહીં શણગારી છે કે, આંખોમાં આંજેલા આજણ એટલે કે મેશ અને રાતા ગુલાબી ગાલ એટલે યોવન થી ભરેલ ચલોચલ સ્ત્રીતત્વની વાત કરે છે. તેમજ એની લહેરાતી લટો, એના રેશમી ઝુલ્ફોની વાત છે. જેમાં કપાળ પર ટીલડી ચમકે છે. જેમ પૂનમની રાતમાં ચંદ્ર ચમકતો હોય તેવી પ્રતીત કરાવે છે.

**માનવી સત્ય શોધતો, સત્ય કેમ સમજાય,**

**પણ અંતિમ સત્ય મોત છે, મૃત્યુથી ગભરાય.**

પ્રસ્તુત દુહામાં સત્યની વાત કરે છે. જેમાં અંતિમ સત્ય એ મૃત્યુને દર્શાવે છે. માનવી જીવનપર્યંત સત્યની શોધ કરતો ભટકતો રહે છે પરંતુ અંતિમ સત્ય એ મુત્યુ છે. આ અંતિમ સત્ય મૃત્યુ થી માનવી પોતના જીવનના સતત ગભરાતો જોવા મળે છે. આ દુહામાં માનવીના જીવનમાં સત્ય શું છે ? તેમજ તેની વાસ્તવિકતા શું છે જેનું પ્રત્યક્ષીકરણ ઉપરોક્ત દુહાની અંદર ખરી અસ્તિત્વનું વર્ણન કરે છે.

**ભીંજવતો વરસાદ મને. ભીની તારી યાદ,**

**મન મૂકી ક્યાં વરસતો. સહુની છે ફરિયાદ.**

આ કવિ પ્રકૃતિવાદનું સમર્થ આપે છે. જે આપણે એમના ઉપરોક્ત દુહો દ્વારા જાણી શકીએ છીએ. જેમાં વરસાદની વાત કરે છે. કવિ કહે છે કે વરસાદ આવતો નથી જેની યાદ કરે છે અને વરસાદને ફરિયાદ કરે છે અને કહે છે કે તું મન મૂકી ને કેમ નથી વરસતો? આવી ઉપરોક્ત દુહામાં કવિ વરસાદને ફરિયાદો કરે છે.

**ધોધમાર વરસી પડે. અલબેલો વરસાદ,**

**એક જળ રૂપે વરસે. બીજી વરસે યાદ.**

અહીં વરસાદને અલબેલો (અનોખો, મસ્તીભર્યો) ગણાવ્યો છે. આકાશમાંથી વરસતો વરસાદ પ્રકૃતિને જીવંત કરે છે, ધરતીને હરિયાળી આપે છે અને માનવીના મનમાં આનંદ જગાવે છે. વરસાદ માત્ર પાણી

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

રૂપે જ નહીં, પરંતુ યાદોના ઝરણા રૂપે પણ વરસે છે. વરસાદી માહોલમાં ઘણી વાર માણસના મનમાં જૂની યાદો, વીતેલા પળો અને પ્રિયજનની સ્મૃતિઓ તાજી થઈ જાય છે. એટલે એક તરફ વાસ્તવિક પાણીનો વરસાદ વરસે છે, અને બીજી તરફ ભાવનાનો વરસાદ વરસે છે.

ડૉ. મનોજકુમાર 'પારસ'ના કાવ્યોમાં કુદરત, જીવન, પ્રેમ, અંતિમ સત્ય જેવા વિષયોની હળવી–હળવી છળકાટથી ચર્ચા કરવામાં આવી છે. તેમના ગીત, મુક્તક, તાનકા, દુહા – દરેક કાવ્યપ્રકારમાં જીવનની ગૂઢતાને સહજ ભાષામાં વ્યક્ત કરવાની કોશિશ છે. નાના પદ્યમાં મોટા અર્થ, સરળ શબ્દોમાં ઊંડા ભાવ એમ તેમની કાવ્યશૈલીની ખાસિ છે.

**સંદર્ભ ગ્રંથો:–**

Publications Division (Ministry of Information & Broadcasting, Government of India). *Amir Khusrau: Memorial Volume*. 2006, p. 100.

**Darshan Singh, editor.** *Sant Ravidas and His Times*. Kalyani Publishers, 1977, p. 192. Internet Archive, archive.org/details/SantRavidasAndHisTimes.

Khan-i-Khanan, Abdurrahim. *Rahim's Couplets*. Edited by Ramkumar Verma, Rajpal and Sons, 1995, p. 87.

*Kabir Granthavali: Dohas*. Edited by Shyamsundar Das, 6th ed., Nagari Pracharini Sabha, 1999, p. 112.

મનોજ કુમાર. (2022.). *...તો આવજે!* JEC Publication, ISBN-13 - 978-9356162051.